ક્રમાંક : જીઆઈડીસી / ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/ પોલીસી / ૧ (૧૦) / ૨૨
જીઆઈડીસી, ઉધોગભવન, ગાંધીનગર
તા.૨૧/૦૮/૨૦૧૨.

// પરિપત્ર //

વિષય : નિગમ ધ્વારા નિર્દિષ્ટ વિસ્તાર તથા ઔદ્યોગિક એસોસીએશનને ફાળવેલ જમીન ઉપર જો કેન્દ્ર સરકાર/ રાજ્ય સરકારની સંયુકત કલસ્ટર યોજના હેઠળ કોમન ફેસીલીટી સેન્ટરઉભુ કરવા માટે કાનુની જરૂરિયાત મુજબ આવા કોમન ફેસીલીટી સેન્ટરને અલગ કંપનીના નામ હેઠળ સ્પેશ્યલ પરપઝ વ્હીકલની ઓળખ હેઠળ ઉભુ કરવાનું હોય ત્યારે આવા કોમન ફેસીલીટી સેન્ટરને પેટા ભાડામારાહત આપવા બાબત.

નિર્દિષ્ટ વિસ્તાર તથા ઔદ્યોગિક એસોસીએશનને નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ જમીન ઉપર જો તેઓ કેન્દ્ર સરકાર / રાજ્ય સરકારની સંયુકત કલસ્ટર યોજના અથવા અન્ય કોઈ યોજના હેઠળ કોમન ફેસીલીટી સેન્ટર ઉભુ કરવા માગતા હોય તેમજ તે માટે થઈ કાનુની જરૂરિયાત મુજબ અલગ કંપનીની સ્થાપનાની જરૂરિયાત હોય (સ્પેશ્યલ પરપઝ વ્હીકલ) અને આવી સ્થાપવામાં આવનાર કંપનીને તેમને ફાળવેલ જમીનમાંથી અમુક જમીન અથવા તો તેના ઉપર ઉભા કરવામાં આવેલ પુરેપુરી મિલ્કત અથવા તેનો અમુક ભાગ પેટા ભાડે આપવા જરૂરિયાત ઉભી થાય તો તેવા સંજોગોમાં તેઓ તેમને ફાળવવામાં આવેલ જમીન અથવા મિલ્કત નિગમની તા. ૧૧/૦૭/૨૦૧૨ તથા તા. ૧૬/૦૭/૨૦૧૨ નાં મળેલ સભા સમક્ષ રજુ કરવામાં આવેલ કાર્યસુચિ ઉપર પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક : ૯૫ / વિતરણ / ૪૬૬ /૨૦૧૨ થી મળેલ મંજુરી મુજબ નીચેની શરતોએ પેટા ભાડે આપી શકશે.

૧) આવા કિસ્સામાં રાહત દરે પ્રવર્તમાન વિતરણ દરના વાર્ષિક ૩% ના બદલે વાર્ષિક ૧% લેખે પાંચ (૫) વર્ષનું પેટા ભાડુ એકી સાથે વસુલ કરવાનું રહેશે.
૨) જો આ રીતની યોજના હેઠળ પાંચ (૫) વર્ષ કરતા વધુ વર્ષ માટે મિલ્કત પેટા ભાડે આપવાની જરૂરિયાત હોય તો દર પાંચ (૫) વર્ષે જે તે સમયનાં પ્રવર્તમાન વિતરણ દરના ૧% લેખે પેટા ભાડાની રકમ પ્રથમ જમા કરાવવાની રહેશે.
૩) નિર્દિષ્ટ વિસ્તાર તથા ઔદ્યોગિક વસાહતનાં એસોસીએશન ધ્વારા નિગમનાં તમામ બાકી લ્હેણાં પ્રથમ ભરપાઈ કરવાના રહેશે.
૪) સુચિત કોમન ફેસીલીટી સેન્ટરના નકશા નિગમના પરામર્શમાં આખરી કરવાનાં રહેશે.
૫) પેટા ભાડાની મુદ્દત દરમ્યાન ફાળવવામાં આવેલ જમીન/ બાંધકામનો અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહિં.

આવી ઉપરોકત બાબતોની તમામ દરખાસ્તો જો ક્ષેત્રીય કચેરીએ મળે તો વડી કચેરીએ મંજુરી અર્થે મોકલી આપવાની રહેશે. અને આવી ઉપરોકત તમામ બાબતોની મંજુરી આપવાની સત્તા નિગમના ઉપા. અને વહી. સંચાલકશ્રી હસ્તકની છે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

- નિગમનાં તમામ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔધોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણસારૂ.
- મેનેજરશ્રી ( એસ.એન્ડ એ.), જીઆઈડીસી, ગાંધીનગર તરફ સદર પરીપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવાની કાર્યવાહી કરવા સારૂ.

રવાના કર્યુ
(signature)
ડે. જનરલ મેનેજર (ઈએન્ડએ)